એરપોર્ટ પાર્કિંગ એરિયામાં બંધ કેન્ટિન નવા રંગરૂપ સાથે શરૂ

ફૂડ એન્ડ બેવરેજીસ કેન્ટીન કમ રેસ્ટોરન્ટની સર્વિસ પુનઃ કાર્યરત થતાં સ્ટાફે હવે એક કિલોમીટર દૂર ચા-નાસ્તો કરવા નહીં જવું પડે

સ્ટાફ-મુલાકાતીઓને રાહત વળી

સુરતઃ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટના સિટી સાઇડ પાર્કિંગ એરિયામાં મુસાફરો અને મુલાકાતીઓ માટે ઉપલબ્ધ કેન્ટીન કમ રેસ્ટોરન્ટને ખંભાતી તાળા ખોલવા એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડીયાએ નિર્ણય લીધો હતો. એરપોર્ટ ઓથોરિટીએ 60 દિવસમાં કેન્ટીન શરૂ કરવા સુરતના જાણીતા સાઉથ ઈન્ડીયન રેસ્ટોરન્ટ માલિકને વર્ક ઓર્ડર 12 જુને આપ્યો હતો. રેસ્ટોરન્ટ માલિકે આ કેન્ટિનનાં ઈન્ટિરીયર અને બાહ્ય લુકને બદલી એરપોર્ટની ભવ્યતાને છાજે એવી કેન્ટિન સર્વિસ શરૂ કરી છે. એને લીધે હવે એરલાઇન સ્ટાફને ચા-નાસ્તો કરવા 1 કિમી દૂર સાયલન્ટ ઝોનમાં હવે જવું નહીં પડે. પાર્કિંગ એરિયામાં ફૂડ એન્ડ બેવરેજીસ (કેન્ટીન/રેસ્ટોરન્ટ)ની સુવિધાઓ બંધ થઈ જતાં લોકોને ટર્મિનલ બિલ્ડિંગ બહાર ચા, કોફી, નાસ્તો, ઠંડા પીણાની સેવાઓ મળતી બંધ થઈ હતી. પાર્કિંગ એરિયામાં અહીં નાનું આઉટલેટ જે અગાઉ કાર્યરત હતું તેણે પણ 5મી માર્ચ, 2024ના રોજ બંધ કરી દેવામાં આવ્યું હતું. આ સમસ્યાને ઉકેલવા માટે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાને રજૂઆત કરવામાં આવી હતી. આ સુવિધા અચાનક બંધ કરી દેવામાં આવતા એરલાઈન સ્ટાફને ચા-નાસ્તો કરવા 1 કિમી.દૂર સાયલન્ટ ઝોનમાં જવું પડી રહ્યું હતું.

આંતરરાષ્ટ્રીય બિલ્ડીંગમાં F|B (કેન્ટીન/રેસ્ટોરન્ટ) સેવાનો અભાવ છે. એને લીધે મુસાફરો, મુલાકાતીઓ અને સ્ટાફ આ આવશ્યક સુવિધાઓની ગેરહાજરીને કારણે અસુવિધાનો સામનો કરી રહ્યા હતા. પણ હવે

પાર્કિંગ એરિયામાં ફૂડ એન્ડ બેવરેજીસ (કેન્ટીન/રેસ્ટોરન્ટ) ની સુવિધા શરૂ થઈ છે. એરલાઈન્સ સ્ટાફને ચા-નાસ્તો કરવા માટે સાયલન્ટ ઝોનમાં જવું પડી રહ્યું હતું એ હવે બંધ થઈ જશે. કેન્ટીન કમ રેસ્ટોરન્ટ કોણે કયા કારણોસર બંધ કરવાનો નિર્ણય લીધો એ અંગે ખુદ એરપોર્ટનાં અધિકારીઓ પાસે સ્પષ્ટ માહિતી ન હતી. એરપોર્ટનાં ડેવલપમેન્ટમાં કેન્ટીનને લગતી કોઈ સ્પષ્ટતા ન હોવાથી એવું થયું હોય શકે છે. પણ હવે આ સેવા ફરી શરૂ કરાઇ છે.

સ્વતંત્રતા પર્વની પૂર્વ સંધ્યાએ જેલોમાં સજા ભોગવી રહેલા વધુ ૮૯ કેદીને રાજ્ય માફી આપી

ગાંધીનગર : સ્વતંત્ર પર્વની પૂર્વ સંધ્યાએ માનવીય સંવેદનાસ્પર્શી અભિગમ દાખવી રાજ્યની જેલોમાં સારો વ્યવહાર અને વર્તણૂક રાખનાર કેદીઓ માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ માનવીય અભિગમ થકી તા.૧૫મી ઓગષ્ટ, સ્વતંત્ર પર્વની પૂર્વ સંધ્યાએ વધુ ૮૯ કેદીઓ જેલમુક્ત થશે. રાજ્યની જેલોમાં સારો વ્યવહાર-વર્તણૂક રાખનાર પાત્રતા ધરાવતા કેદીઓને કેદમુક્ત કરવાના આ નિર્ણયથી આ કેદીઓને પોતાના પરિવાર સાથે જીવન જીવવાની નવી તક મળશે. કેન્દ્ર સરકારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આપેલા દિશાનિર્દેશ અનુસાર નિયત કરાયેલી કક્ષાના કેદીઓને રાજ્ય માફી આપવામાં આવી છે. અગાઉ વર્ષ ૨૦૨૩માં ૧૦૩ કેદીઓ અને વર્ષ ૨૦૨૪માં ૨૪૮ કેદીઓને રાજ્ય માફી આપી કેદ મુકત કરવામાં આવેલા છે. જે પૈકી હાલ ૮૯ કેદીઓ કેદ મુકત કરાયા છે. ગુજરાતમાં આ સાથે વર્ષ-૨૦૨૩ અને ૨૦૨૪ દરમિયાન કુલ ૩૫૧ કેદીઓને રાજ્ય માફીનો લાભ આપવામાં આવ્યો છે.

હજીરામાંથી મૃત હાલતમાં મળેલી બાળકી ઉપર બળાત્કાર નહીં થયો હોવાનો ખુલાસો

પોલીસે 10 જેટલા શંકાસ્પદને ડિટેઇન કર્યા

સુરત : હજીરાની બાળકીના હત્યા પ્રકરણમાં આર્સેલર મીતલ કંપની પાસે આવેલી પાંચસો જેટલી કોલોનીમાં સો જેટલા પોલીસ કાફલાએ સઘન ચેકીંગ કર્યુ હતુ. તેમાં દસ જેટલા શંકાસ્પદ લોકોની હાલમાં પૂછપરછ શરૂ કરવામા આવી છે. આ લોકોની સઘન પૂછપરછ કરવામાં આવી રહી હોવાની વિગત ડીસીપી વિજયસિંહ ગુર્જરે જણાવી હતી. દરમિયાન પોલીસે અંદાજે 200 કરતા વધારે લોકોની પૂછપરછ શરૂ કરી છે. આ ઉપરાંત હાલમાં ડોગ સ્કવોડ બોલાવવામાં આવી છે. તેમાં આરોપીના સગડ કોલોનીની આસપાસ હોવાની વિગત હાલમાં તપાસમાં બહાર આવી રહી છે.

દરમિયાન ડીસીપી વિજયસિંહ ગુર્જરે જણાવ્યુંકે સંભવત તેઓ આવતા ચોવીસ કલાકમાં આરોપીને ગિરફતમાં લઇ લેશે. આ ઉપરાંત પોસ્ટ મોર્ટમમાં બાળકી પર બળાત્કાર નહીં થયો હોવાનુ બહાર આવ્યું છે.

બાળકીની સાવકી માતાની પણ પૂછપરછ

જયારે મરનાર બાળકી પર બળાત્કાર નહીં થયો હોવાનુ બહાર આવતા પોલીસે તેની સાવકી માની પૂછપરછ શરૂ કરી છે. મરનાર બાળકી તેની દાદીને ઘરે જઇ રહી હતી તે સમયે તેની હત્યા થઇ હતી. મરનાર બાળકીની માતા તે હાલમાં બિહાર છે. તેને પણ પોલીસે સુરત ખાતે તેડાવી છે. પોલીસે તેની સાથે પણ ટેલિફોનિક વાતચીત કરી છે. દરમિયાન પારિવારીક અદાવતમાં બાળકીનો ભોગ લેવાયો છે કે નહી તે થિયરી પર હાલમાં પોલીસ કામ કરી રહી છે.

લેન્ડ ગ્રેબિંગના ગુનામાં આરોપીની જામીનઅરજી મંજૂર

સુરતઃ લેન્ડ ગ્રેબિંગના ગુનામાં કોર્ટે આરોપીની જામીન અરજી મંજૂર કરી હતી. કેસની વિગત એવી છે કે ફરિયાદી જગદીશ કામોઠી છે. તેઓએ પુણામાં મકાન ખરીદ્યું હતું. આરોપી મનોજ ખોડાભાઈ નાવડિયાએ ફરિયાદીના પુનામાં આવેલા મકાનમાં ગેરકાયદેસર રીતે કબજો કરી લીધો હતો. આ બાબતે ફરિયાદીએ ફરિયાદ આપતા સરથાણા પોલીસે આરોપી મનોજ નાવડિયા વિરુદ્ધ લેન્ડ ગ્રેબિંગનો ગુનો દાખલ કર્યો હતો. પોલીસે આરોપી મનોજ નાવડિયાની ધરપકડ કરી હતી. આરોપીએ જામીન પર મુક્ત થવા માટે એડવોકેટ કે.એન. રાવલ મારફત કોર્ટમાં જામીન અરજી કરી હતી. જામીન અરજી ચાલી ગઈ હતી. કોર્ટે એડવોકેટ કે.એન.રાવલની દલીલો ગ્રાહ્ય રાખીને આરોપી મનોજ નાવડિયાની જામીન અરજી કેટલીક શરતોને આધીન મંજૂર કરી હતી.

રાત્રે પરિવાર સાથે ભોજન લીધા બાદ સૂઈ ગયેલી પરિણીતા સવારે ઊઠી જ નહીં

સુરતઃ પાંડેસરામાં રાત્રે જમીને સૂતેલી મહિલા સવારે ઊઠી જ ન હતી. જેથી તેણીને સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબે તેણીને મૃત જાહેર કરી હતી.પાંડેસરા વિસ્તારમાં આવેલ નોવા કોમ્પ્લેક્ષમાં અવિનાશભાઈ રંગુનવાલા પત્ની ધર્મિષ્ઠા (34 વર્ષ) તેમજ ત્રણ સંતાન સાથે રહે છે. તે જમીન દલાલીનું કામ કરે છે. મંગળવારે રાત્રે પરિવારના તમામ સભ્યો જમીને સુઈ ગયા હતાં. બુધવારે સવારે ધર્મિષ્ઠાને ઉઠી જ ન હતી. તેને હોસ્પિટલમાં ખસેડાતા મૃત જાહેર કરાઈ હતી.

એક જ એજન્સીને કામ આપવા માટે વજનદાર નેતાની ભલામણ હોવાની ચર્ચા

તિરંગાયાત્રામાં ટેન્ડર વગર અપાયેલા 67 લાખના કામથી વિવાદ

મનપા એમપેનલ બનાવી છે તેવા ઇજારદારોને બદલે અન્યને કામ કેમ અપાયું ? તેવા સવાલ ઊઠ્યા

જો કે એમપેનલના ઇજારદારોના કામની મર્યાદા 17 લાખ સુધીની છે

સુરત : 11મી ઓગષ્ટના રોજ સુરતમાં યોજાયેલી તિરંગા યાત્રામાં મુખ્યમંત્રી આવવાના હતો તેથી તાબડતોબ સુરત-ડુમસ રોડ પર પિપલોદથી સુરત એરપોર્ટ સુધીના રૂટને શણગારવા અને રોશની કરવા માટે રૂપીયા 67 લાખનો ખર્ચ કરી દેવાયો જો કે મુખ્યમંત્રી આવ્યા નહી, પરંતુ વડાપ્રધાને એક્સ હેન્ડલ પર આ તિરંગાયાત્રાના વખાણ કરી સુરતીલાલાઓની મહેનતને સફળ બનાવી દીધી છે. પરંતુ તિરંગાયાત્રના રૂટ પર રોશની માટે થયેલો 67 લાખનો ખર્ચ ટેન્ડર વગર કરાયો હોય વિવાદ ઊભો થયો છે. કેમકે મનપા દ્વારા જુદા જુદા પ્રસંગો અને આકસ્મિક કાર્યક્રમોમાં બિલ્ડિંગ, રોડ, બ્રિજ પર ટેમ્પરરી લાઈટિંગ/રોશની કરવાની કામગીરી માટે સ્થાયી સમિતિ દ્વારા વર્ષ 2023માં ઠરાવ કરી યુનીટ રેટથી કામ કરવા માંગતી છ એજન્સીઓની એમપેનલ બનાવાઇ છે. પરંતુ આ કામ એમપેનલની કોઇ એજન્સીને બદલે અન્ય એજન્સી મોન્ટુ ઇલેક્ટ્રક વર્કસને કામ અપાયું હતું. હવે એમપેનલ થયેલી એક એજન્સી દ્વારા જ મનપા કમિશનરને આ અંગે ફરિયાદ કરાતા મનપા કમિશનરે લાઇટ વિભાગના અધિકારીઓ પર નારાજ થયા હોવાનુ જાણવા મળી રહ્યું છે. જો કે ચર્ચા એવી છે કે આ એજન્સીને કામ આપવા માટે એક વજનદાર નેતાની ભલામણ હતી અને એજન્સીએ ભાવ પણ યુનીટ રેટ કરતા પાંચ ટકા નીચા લગાવ્યા હતા તેથી તેની ઓફર બરાબર હતી પરંતુ હવે સબંધિત વિભાગના અધિકારીઓની હાલત સુડી વચ્ચે સોપારી જેવી થઇ ગઇ છે.

આ કામ બાબતે વિસ્તૃત વિગતો એવી છે કે, બે કીમી રસ્તા પર 8 આગષ્ટથી 15 ઓગષ્ટ દરમિયાન રોશની કરવા માટે મનપા દ્વારા બનાવાયેલી એમપેનલની છ એજન્સી માંથી બે એજન્સીઓએ સંપૂર્ણ કામગીરી કરવા માટે સંમતી આપી હતી, પરંતુ કામગીરીના વ્યાપ સંદર્ભે બંને એજન્સીની ક્ષમતા કામગીરી માટે સુસંગત ન હોવાનો અભિપ્રાય વિભાગ દ્વારા રજૂ કરાયો હતો અને વિભાગ દ્વારા આ પ્રકારની કામગીરી માટે એમપેનલ કરાયેલ એજન્સી સિવાય કથિત રીતે સક્ષમ વડાપ્રધાનના કાર્યક્રમોનું કામ કરી ચુકી હોય તેવી ત્રણ અન્ય એજન્સીઓ પાસે ઓફર મંગાવી હતી જે પૈકી મોન્ટુ ઈલેક્ટ્રીક વર્કસ દ્વારા સૌથી ઓછી 67.70 લાખ રૂપિયાની ઓફર આપવામાં આવી હતી. જે સ્થાયી સમિતી દ્વારા મંજૂર કરવામાં આવી હતી.

જાકે, એમ્પેનલ થયેલ પૈકી એક એજન્સી દ્વારા મનપા કમિશનરને નિયમનો ભંગ કરી એમ્પેનલ થયેલ એજન્સીઓને કામગીરી સોપવાને બદલે અન્ય એજન્સીને કામગીરી સોપવામાં આવી હોવાની ફરિયાદ કરી છે.

અમદાવાદ પોલીસ કંટ્રોલ રૂમમાં બોમ્બ બ્લાસ્ટનો મેસેજ કરનાર ઝડપાયો

અમદાવાદ : અમદાવાદ શહેર પોલીસ કંટ્રોલ રૂમમાં મેસેજ મળ્યો કે શહેરમાં બોમ્બ બ્લાસ્ટ થવાનો છે, આ મેસેજ મળતા જ પોલીસ તંત્ર એલર્ટ બન્યું હતું અને ધમકીભર્યો મેસેજ મોકલનાર યુવકને ક્રાઈમ બ્રાંચે ઝડપી લીધો હતો.

પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ શહેર પોલીસ કંટ્રોલ રૂમને બોમ્બ બ્લાસ્ટનો ધમકી ભર્યો મેસેજ મોકલનાર યુવકની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. આ યુવકની પૂછપરછ કરતા તેનું નામ અરિહંત હોવાનું જાણવા મળ્યું છે. આ યુવક કુબેરનગર વિસ્તારમાં રહેતો હોવાનો અને અભ્યાસને કારણે ડિપ્રેશનમાં હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટના અંગે સરદારનગર પોલીસ સ્ટેશનને ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. તે માનસિક રીતે અસ્વસ્થ હોવાથી તેણે આવી હરકત કરી હોવાની કબૂલાત અમદાવાદ પોલીસ સમક્ષ કરી હતી.

કિશોરીનું અપહરણ કરીને જબરજસ્તી પરણાવનાર મહિલા અને આરોપીને 20 વર્ષની સખત કેદ

આરોપીએ બળાત્કાર ગુજારતાં કિશોરી ગર્ભવતી થઈ હતી

સુરતઃ 17 વર્ષની કિશોરીનું અપહરણ કરીને રાજસ્થાન લઈ જઈ જબરજસ્તી પરણાવી દઈને તેની સાથે બળાત્કાર ગુજારવાના બનાવમાં બળાત્કાર ગુજારનાર આરોપી અને મહિલાને કોર્ટે કસૂરવાર ઠેરવીને 20 વર્ષની સખત કેદની સજા અને 1 લાખ રૂપિયાના દંડની સજાનો હુકમ કર્યો હતો.

કેસની વિગત એવી છે કે કીમ વિસ્તારમાં શ્રમજીવી પરિવાર રહેતું હતું. પરિવારમાં પતિ-પત્ની નોકરી કરતા હતા. તેમની 17 વર્ષની દીકરી નેહા(નામ બદલ્યું છે) પણ નોકરી કરતી હતી. નેહા આરોપી હંસાબેન સાથે ઓળખાણ હતી.તેને તેમને રૂપિયા ઉધાર આપ્યા હતા. જે પરત લેવા માટે નેહાને હંસાએ વડોદરા બોલાવી હતી. નેહા કોઇને પણ કાંઇ પણ કહ્યા વગર વડોદરા હંસાને મળવા માટે ગઇ હતી. ત્યાં હંસા ઉપરાંત હંસાનો દીકરો રાહુલ અને ટીંકુ નામનો વ્યકિત નેહાને મળ્યા હતા. તેઓએ નેહા પાસેથી ફોન અને તેના ઘરેણાં લઈ લીધા હતા. ત્યારબાદ આરોપીઓએ હંસા પાસેથી નેહાને ખરીદી લીધી હતી. ત્યાર બાદ રાજસ્થાનના બાડમેર લઈ ગયા હતા. ત્યાં ખીમસિંહ સાથે નેહાના જબરજસ્તી લગ્ન કરાવી દીધા હતા. ખીમસિંહે પતિ તરીકે નેહા સાથે વારંવાર શરીર સંબંધ બાંધ્યો હતો. તેના કારણે નેહા ગર્ભવતી પણ બની હતી. બીજી તરફ નેહાની માતાએ કિમ પોલીસે સ્ટેશનમાં અપહરણની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના દોઢ વર્ષ બાદ નેહા બાડમેરથી મળી હતી. પોલીસે અપહરણની મૂળ ફરિયાદમાં બળાત્કાર અને પોક્સોની કલમ ઉમેરી હતી.આરોપીઓની ધરપકડ કરી ઠાકોરની ધરપકડ કરીને કોર્ટમાં રજુ કર્યા હતા. પોલીસે આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ રજુ કરી હતી. સરકાર તરફે એડવોકેટ એપીપી એસ.કે.ગોહિલે આરોપીઓને મહત્તમ સજાની માંગ કરી હતી. કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ આરોપી હંસાબેન અને ખીમસિંહને કસૂરવાર ઠેરવીને બંને 20-20 વર્ષની સખત કેદની સજા અને બંનેને 50-50 હજાર એમ 1 લાખ રૂપિયાના દંડનો હુકમ કર્યો હતો. કોર્ટે ચુકાદામાં નોંધ્યું કે દુષ્કર્મના કૃત્યથી ભોગ બનનાર ગર્ભવતી બની હતી. તેનાથી તેણીનું હવે પછીનું જીવન દુષ્કર બની જાય છે. તેમજ સમગ્ર સમાજની નાની દીકરીઓ સાથે આવા બનાવના કારણે સામાજીક પ્રતિષ્ઠા પર નકારાત્મક અસરો થતી હોય છે.

સહરા દરવાજા બ્રિજ ઉપર બસના ડ્રાઈવરે અડફેટે લેતાં યુવકનું મોત

સુરતઃ માનદરવાજા પદ્મા નગરમાં 27 વર્ષીય અનિલ દિલીપભાઈ રાઠોડ પરિવાર સાથે રહેતો હતો. તે મજૂરી કામ કરીને પરિવારનું ભરણપોષણ કરતો હતો. બુધવારે વહેલી સવારે અનિલ બાઈક લઈને ઘરે આવી રહ્યો હતો. તે સમયે સહરા દરવાજાથી માન દરવાજા તરફ આવતા બ્રિજ ચડતી વખતે અજાણ્યા બસના ડ્રાઈવરે બેદરકારીથી બસ ચલાવીને અનિલની બાઈકને ટક્કર મારી હતી. જેથી તેને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નિપજ્યું હતું.

રાજ્યના 21 પોલીસકર્મીઓને રાષ્ટ્રપતિના પોલીસ ચંદ્રકો જાહેર

સુરત શહેરના નાયબ પોલીસ અધિક્ષક નીરવસિંહ ગોહિલ, સુરત ગ્રામ્યના પીએસઆઇ ધર્મેન્દ્રસિંહ છત્રસિંહ વાઘેલા, સુરત શહેરના એ.એસ.આઇ વી.એન. પટેલ માટે એવોર્ડની જાહેરાત

ગાંધીનગર : રાજ્યના પોલીસ દળમાં ફરજ બજાવતા પોલીસ અધિકારી, કર્મચારીઓને 15મી ઓગસ્ટ 2024ના પર્વે વિશિષ્ટ સેવા, પ્રશંસનીય કામગીરી અંગેના પોલીસ ચંદ્રક રાષ્ટ્રપતિએ જાહેર કર્યા છે,

વડોદરા ગ્રામ્યના પોલીસ અધિક્ષક બલવંતસિંહ હેમતુંજી ચાવડા અને ગુજરાત પોલીસ ભરતી બોર્ડ વાયરલેસ સબ પોલીસ ઈન્સ્પેક્ટર ભરત મનુભાઈ બોરાણાને વિશિષ્ટ સેવા પોલીસ મેડલ જાહેર કરાયા છે.

જ્યારે રાજ્ય અનામત પોલીસ દળ જૂથ-9 વડોદરાના પોલીસ અધિક્ષક આર.વી. ચુડાસમા (આઈપીએસ), રાજકોટ પોલીસ કમિશનર કચેરીના નાયબ પોલીસ કમિશનર એસ.વી. પરમાર (આઈપીએસ), જુનાગઢના નાયબ પોલીસ અધિક્ષક બીપીન ચંદુલાલ ઠક્કર, સુરત શહેરના નાયબ પોલીસ અધિક્ષક એન.પી. ગોહિલ, સુરેન્દ્રનગરના નાયબ પોલીસ અધિક્ષક જુગલ ધનવંતકુમાર પુરોહિત, એસીબી અમદાવાદના નાયબ પોલીસ અધિક્ષક કે.એચ. ગોહિલ, રાજ્ય અનામત પોલીસ દળ જૂથ-5 ગોધરાના નાયબ પોલીસ અધિક્ષક ડી.જી. ચૌધરી, વલસાડના પોસઈ કરણસિંહ ધનબહાદુરસિંહ પંથ, અમદાવાદ શહેરના પોસઈ કે.એસ. સિસોદિયા, સુરત ગ્રામ્યના પોસઈ ધર્મેન્દ્રસિંહ છત્રસિંહ વાઘેલા, રાજ્ય અનામત પોલીસ દળ જૂથ- 7 નડિયાદના પોસઈ પી.ડી. પટેલ, સુરત શહેરના એ.એસ. આઈ વી.એન. પટેલ, જામનગરના એ.એસ.આઈ બસીર ઈસ્માઈલ મુદ્રાક, ગુજરાતને આ સન્માન આપવામાં આવશે.

પીએમ સૂર્ય ઘર બિજલી યોજનામાં આ વર્ષે 10 લાખ મકાનોને આવરી લેવાશે

સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ સીએમ ભૂપેન્દ્ર પટેલનું સંબોધન



ગાંધીનગરઃ સ્વાતંત્ય પર્વની પૂર્વ સંધ્યાએ સીએમ ભૂપેન્દ્ર પટેલે રાજયના પ્રજાજનો માટેના સંબોધનમાં કહ્યું હતું કે, આઝાદીના સાડા સાત દાયકા પૂર્ણ કરીને આપણો ગૌરવવંતો દેશ સ્વતંત્રતાની શતાબ્દી તરફ આગે કદમ ભરી રહ્યો છે. આપણને આઝાદી અપાવનારા રાષ્ટ્ર વીરોનું ભારત માતાને વિશ્વ ગુરુ બનાવવાનું સ્વપ્ન હવે સાકાર થઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2047માં વિકસિત-આત્મનિર્ભર-ઉન્નત ભારત વિઝન આપ્યું છે, આ વિઝનને હાંસલ કરવા ગુજરાતે પણ વિકસિત ગુજરાતથી વિકસિત ભારતની નેમ રાખી છે. ૭૮માં સ્વાતંત્ય પર્વની પૂર્વ સંધ્યાએ મુખ્યમંત્રીએ પ્રજાજનોને શુભેચ્છા પાઠવી હતી.

તેમણે જણાવ્યું હતું કે એક સમય એવો હતો કે, વિશ્વના વિકસિત દેશો ભારતની નોંધ શુધ્ધાં લેતા ન હતા. આજે એ જ દેશો ભારતની અવિરત વૈશ્વિક વિકાસયાત્રાથી ભારત અને ભારતીયોને સન્માન સાથે જુએ છે. આપણા રાષ્ટ્ર અને આપણા રાષ્ટ્રધ્વજ-તિરંગાનુ ગૌરવ વિશ્વમાં વિસ્તર્યુ છે. નરેન્દ્ર મોદીના પદચિન્હો પર ચાલતાં સર્વાંગી વિકાસ, વૈશ્વિક કક્ષાના વિકાસને આપણે પ્રોત્સાહન આપ્યું છે.2047માં વિકસિત ભારતના વિઝનને સાકાર કરવા ગ્રીન ગ્રોથ - રિન્યૂએબલ એનર્જીનું મહત્વનું યોગદાન રહેવાનું છે.

ઝંખવાવના રહીશોની આત્મવિલોપનની ચીમકી બાદ સંપાદનનો ઉકેલ લાવવા સૂચના

કોસંબા-ઉમરપાડા રેલવે માટે આડેધડ જમીન સંપાદન કરવામાં આવી રહી છે

સુરતઃ વાપી-શામળાજી નેશનલ હાઈવેમાં અસરગ્રસ્ત સુરત જિલ્લાના ઝંખવાવ ગામના રહીશોએ સંપાદન બાબતે આત્મ વિલોપનની ચીમકી આપ્યા બાદ નેશનલ હાઈવે નં.૫૬ તથા કોસંબા-ઉમરપાડા રેલવે લાઈનના પ્રશ્ને આજે બારડોલીના સાંસદ પ્રભુ વસાવા તથા સુરત જિલ્લા કલેક્ટર અને અન્ય વિવિધ વિભાગોની સંયુક્ત બેઠક અસરગ્રસ્ત ખેડૂતો સાથે યોજાઈ હતી જેમાં હાઈવેના પ્રશ્ને આગામી સમયમાં ખેડૂતોની સમસ્યાનો ઉકેલ લાવવાની બાયધરી આપવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યાં છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં વાપી-શામળાજી વચ્ચે બની રહેલા નવા નેશનલ હાઈવે નં.૫૬ તથા કોસંબા-ઉમરપાડા રેલવે લાઈનમાં જતી જમીન બાબતે સુરત જિલ્લાના ઝંખવાવ ગામના મિશન ફળિયાના રહીશોએ તેમના પ્રશ્નનો ઉકેલ ન આવે તો આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી હતી.ખેડૂતોના પ્રશ્નનો હકારાત્મક ઉકેલ લાવવા આજે સુરત જિલ્લા કલેક્ટર ખાતે એક સંયુક્ત બેઠક યોજાઈ હતી. બેઠકમાં બારડોલી સાંસદ પ્રભુ વસાવા, સુરત જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારઘી, હાઈવે-રેલવેના અધિકારીઓ, માંડવી પ્રાંત અધિકારી, સંપાદન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં ખેડૂતોની માગણી મૂજબ જે ખેતીની જમીન સંપાદન થાય છે. તેના બદલે નેશનલ હાઈવે નં.૫૬ તથા રેલવે લાઈનને અસરગ્રસ્ત ખેડૂતોની જમીન છોડીને બાયપાસ કરવાની માગ બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં અસરગ્રસ્ત ખેડૂતો પૈકી કેટલાક ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

ચેક રિટર્નના કેસમાં આરોપીને એક વર્ષની સજા

સુરતઃ ચેક રિટર્નના કેસમાં કોર્ટે આરોપીને કસૂરવાર ઠેરવીને એક વર્ષની સજા અને ચેકની રકમ વળતર તરીકે ચૂકવી આપવા હુકમ કર્યો હતો.

કેસની વિગત એવી છે કે ફરિયાદી દિક્ષિત વિનુભાઈ કાપડિયા (રહે. સરીતા વિહાર સોસાયટી-1, પુણા-બોમ્બે માર્કેટ રોડ) છે. આરોપી હિતેશ ધનજીભાઈ કિકાણી (રહે. લાખાદર,,તા. ધારી, જિલ્લો અમરેલી) છે. આરોપી અને ફરિયાદી એક બીજાને સારી રીતે ઓળખતા હતા. આરોપીને રૂપિયાની જરૂર પડતા તેણે ફરિયાદી પાસેથી 2.50 લાખ રૂપિયા હાથ ઉછીના લીધા હતા. તે રૂપિયા પરત કરવા માટે આરોપીએ ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થતા ફરિયાદીએ તેના એડવોકેટ કે.એન. દુધાત મારફત આરોપી હિતેશ કિકાણી વિરુદ્ધ કોર્ટમાં ચેક રિટર્નની ફરિયાદ કરી હતી. આ કેસ કોર્ટમાં આજે ચાલી ગયો હતો. કોર્ટે આરોપી હિતેશ કિકાણીને કસૂરવાર ઠેરવીને એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ વળતર તરીકે ચૂકવી આપવા હુકમ કર્યો હતો.

અનુસંધાન ... પાના છેલ્લાનું

જાયકા બનાવશે...

ઉપરાંત ખાડી પુર સુરત માટે દર વર્ષે માથાનો દુઃખાવો સાબીત થઇ રહ્યું છે. ત્યારે શહેરને પુર મુક્ત બનાવવા માટે મહાનગરપાલિકાની મદદ કરવા જાપાનની એજન્સી તૈયાર થઇ છે. જાપાન ઇન્ટરનેશનલ કોર્પોરેશન એજન્સી (જાયકા) દ્વારા આ માટે ‘કોમ્પ્રીહેન્સીવ ફલડ કંટ્રોલ મેનેજમેન્ટ પ્લાન (CFCMP) બનાવવાના હેતુ સાથે જાયકાએ કોઈપણ ચાર્જ વગર ટેકનીકલ કો-ઓપરેશન પ્રોજેક્ટ’ બનાવવા અંગેનો પ્રસ્તાવ પણ સુરત મનપાને મોકલી આપ્યો છે. તેથી વહીવટી તંત્ર દ્વારા શાસકોની મંજુરી માંગતી દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.

વિસ્તૃત વિગતો મુજબ ભારત અને જાપાન વચ્ચે એકબીજાને મદદ કરવાના દ્વીપક્ષીય કરાર થયા છે. તેથી જાપાન સરકારની જ એજન્સી જાયકા દ્વારા દેશના બે શહેરોમાં પુરની સમસ્યા નિવારવા માટે ‘કોમ્પ્રીહેન્સીવ ફલડ કંટ્રોલ મેનેજમેન્ટ પ્લાન’ બનાવવાની તૈયારી બતાવી હતી. કેન્દ્ર સરકારના અનુરોધ પર આ એજન્સીએ ચેન્નઇમાં આ પ્લાન તૈયાર કરી આપ્યો છે. હવે કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત સરકારને રાજયના એક શહેરનું નામ મંગાયુ હતું તેથી રાજયના શહેરી વિકાસ વિભાગ દ્વારા પુરની સમસ્યા સામે લડી રહેલા સુરતનું નામ સુચન કર્યુ હોવાથી હોય આ એજન્સી દ્વારા ગત ૨૪ જુલાઈ ૨૦૨૪ના એક મેઈલ દ્વારા અને ત્યારબાદ રૂબરૂ મુલાકાતથી સુરતમાં ‘કોમ્પ્રીહેન્સીવ ફલડ કંટ્રોલ મેનેજમેન્ટ પ્લાન’ તૈયાર કરવાની તૈયારી બતાવી છે. જેના માટે સુરત મનપાએ એક પણ રૂપિયાનો ખર્ચ કરવાનો નથી, કે એ માટે બજેટ જોગવાઈ પણ કરવાની રહેતી નથી. આ પ્રસ્તાવ સાથેની એક દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે. જે અંગે શાસકો આગામી દિવસોમાં નિર્ણય કરશે. ‘જાયકા’આ પ્રકારના મેનેજમેન્ટ પ્લાન બનાવવા માટે નિષ્ણાંત એજન્સી તરીકે વિશ્વભરમાં ઓળખાય છે. આ પ્લાન થકી તાપી નદી અને ખાડીમાં આવનાર પુર ની સ્થિતિને કઈ રીતે રોકી શકાય એ અંગેનો ટેકનીકલ કો-ઓપરેશન પ્રોજેક્ટ તૈયાર કરાશે. એજન્સીના આંતરરાષ્ટ્રીય કક્ષાના નિષ્ણાતો સુરત આવશે અને સુરતમાં તાપી નદી અને ખાડીમાં કયા કારણોસર પૂર આવે છે અને આ પૂરને આવતા કઈ રીતે રોકી શકાય તે માટે એક પ્લાન તૈયાર કરશે. જેને અનુસરીને સુરત મહાનગરપાલિકા પ્લાન મુજબ અમલવારી કરી શકશે. અગત્યની વાત છે કે આ એજન્સીએ સુરત મહાનગરપાલિકા માટે નિશુલ્ક મદદ કરવા માટે તૈયારી બતાવી છે. જાપાનની આ એજન્સી અગાઉ પણ વિશ્વના ઘણા શહેરો માટે આવી જ રીતે પ્લાન બનાવી ચૂકી છે.

કેવી રીતે...

એક્સ્ટર્નલ અફેર્સ (DEA) તથા રાજ્ય સરકારના વિવિધ વિભાગો સાથે ચર્ચા ઉપરાંત એગ્રીમેન્ટ બાદ સરકારના અધિકારીઓને જાપાનમાં તાલીમ સહીત ટેકનીકલ સહકાર જાયકા આપશે. આ રીતે સમગ્ર કોમ્પ્રીહેન્સીવ ફલડ કંટ્રોલ મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવામાં સુરત મનપાને સહાય મળશે.

નદી, ખાડી...

મેનેજમેન્ટ પ્લાન બનાવવામાં આવે એ માટે સુરત મહાનગરપાલિકાએ તૈયારી કરી છે. તેઓએ ઉમેર્યું હતું કે આ સંદર્ભે જાપાનની એજન્સી જાયકાએ સંપર્ક કરતા તેઓ સાથે બેઠક પણ થઇ છે. તેઓ કોઇ પણ પ્રકારના ચાર્જ વગર સુરત મનપાને નેશનલ અને ઇન્ટરનેશનલ એક્સપર્ટિઝ પૂરી પાડશે અને ફલડ કંટ્રોલ મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવામાં મનપાને મદદરૂપ થશે.

એરપોર્ટ પર...

ફ્રી સર્વિસનો લાભ મળ્યો ન હતો. કેમકે એરપોર્ટનાં પ્રવેશ દ્વારની 200 મીટર દૂર બૂમ ગેટ લગાવી કોન્ટ્રાક્ટર દરેક પાસે પાર્કિંગ ચાર્જની રોકડ રકમની રશીદ આપવા લાગ્યો હતો.

આવા સંજોગોમાં એરપોર્ટ ડાયરેક્ટરની ઓફિસ તરફ જતા, કાર્ગો ટર્મિનલ તરફ અને સિવિલ, ઈલેક્ટ્રિક સેવા વિભાગ તરફ જતા પેસેન્જર સિવાયના વ્યક્તિઓ પણ દંડાયા હતા. સુરત એરપોર્ટ પર ઓટોમેટેડ વેહિકલ પાર્કિંગ સિસ્ટમ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. પણ હજી એ શરૂ થઈ શકી નથી. નિયમિત મુસાફરી કરતા લોકો સુરત એરપોર્ટ પર બીજા ઈન્ટરનેશનલ એરપોર્ટની જેમ ફાસ્ટેગ સર્વિસથી નાના કપાય એની તરફેણમાં નથી. કારણકે, જે લોકો પેસેન્જરને મુકવા આવ્યાં છે. તેઓને 8 મિનિટ ડ્રોપ ફ્રી આપવી પડશે. એમને ફાસ્ટેગ સર્વિસની જરૂર નથી, 8 મિનિટ કરતા વધુ સમય થાય તો તે ઓનલાઈન પેમેન્ટ અથવા રોકડ આપી શકે છે. પાર્કિંગ તરફ જતા રસ્તાને બદલે મેઈન રોડ પર પાર્કિંગ ચાર્જ ગેટ મૂકી દેતા રસ્તો એટલો સાંકળો થઈ ગયો છે કે, કોઈ પેસેન્જરને ક્યારેય ફ્રી ડ્રોપ અપનો લાભ મળી શકે નહીં.પાર્કિંગ કોન્ટ્રાક્ટરે આજે પ્રથમ દિવસે એવો ટ્રાફિક જામ કર્યો કે,પેસેન્જર ફ્લાઈટનો બોર્ડિંગનો સમય પણ ચૂકી જાય.અગાઉ જાહેરાત થઈ હતું કે,કોન્ટ્રાક્ટની શરત મુજબ સુરત એરપોર્ટ પર ચાલુ ઓગસ્ટ માસે ઓટોમેટેડ વેહિકલ પાર્કિંગ સિસ્ટમ શરૂ કરવા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.પરંતુ પ્રથમ દિવસે રોકડ રકમ જ લેવાઈ હતી.

એરપોર્ટનાં પાર્કિંગ એરિયામાં વાહનનાં પ્રવેશ સાથે સિસ્ટમમાં એન્ટ્રી - એક્ઝિટ નોંધાઇ ન હતી.

આ સિસ્ટમ કાર્યરત થયા પછી વાહન પાર્કિંગનો ચાર્જ ખોટી રીતે વસૂલવાની ફરિયાદ દૂર થશે.પેસેન્જરને 8 મિનિટ ફ્રી માં ડ્રોપ કરવા આવેલા વાહનો પાસે નાણાં પડાવવાની ફરિયાદ પણ દૂર થશે.કારણકે,વાહનનાં પ્રવેશ અને એક્ઝિટનો સમય ઓટોમેટેડ સિસ્ટમમાં નોંધાઈ જશે.પાર્કિંગ એન્ટ્રી બુથ પર જ પાર્કિંગ ચાર્જની પાવતી મળી જશે.ડિજીટલ પેમેન્ટ માટે અહી અલગ સુવિધા કરવામાં આવશે. એવી મોટી મોટી વાતો માત્ર બણગા જેવી સાબિત થઈ છે.નવા કોન્ટ્રાક્ટરે જૂના કોન્ટ્રાક્ટરને સારો કહેવડાવ્યો હતો.

સુરત એરપોર્ટ પર 8 મિનિટ ડ્રોપ અપ ફ્રી છે. પણ નવા પાર્કિંગ કોન્ટ્રાક્ટરનું આયોજન જોતાં પેસેન્જરને મુકવા આવતા કોઈ વાહનોને એનો લાભ મળી શકે નહીં

સુરત એરપોર્ટનું...

હતું. એરપોર્ટની નવી પાર્કિંગ પોલિસી અને આડેધડ નાણાંની વસૂલાત સામે કોમર્શિયલ ટેક્સી ચાલકો અચાનક સાંજે હડતાળ પર ઉતર્યા હતા. તેમણે જૂની પદ્ધતિ પ્રમાણે જ ટેક્સી ચાલકોને પ્રવેશ આપવામાં આવે તેવી માંગ કરી હતી.

ઉકાઈ ડેમમાંથી...

નોંધાઈ છે. ઉલ્લેખનીય છે કે આ વખતે જિલ્લામાં 80 ટકા જેટલો વરસાદ વરસી ગયો છે. હાલ વરસાદની કોઇ સિસ્ટમ નથી. પરંતુ લોકલ વરસાદી માહોલ રહેશે. આગામી 22 તારીખ પછી એકાદ સિસ્ટમ ડેવલપ થવાની સંભાવના છે. ત્યારબાદ ફરી વરસાદી માહોલ રહેવાની આગાહી છે. જોકે તેની દક્ષિણ ગુજરાત પર ઓછી અસર રહે તેવી શક્યતા છે.

લેપ્ટોસ્પાયરોસીસની...

હેલ્થ વિભાગને કરવામાં આવી હતી. આરોગ્ય વિભાગે યુવકની ટ્રાવેલ હિસ્ટ્રીની તપાસ કરવાની સાથે મીઠી ખાડી વિસ્તારમાં પાલિકાની ટીમે તપાસ હાથ ધરી સાવચેતીનાં પગલાં લીધાં છે. મૃતક યુવકને પગમાં ઈજા હતી. તે ઈજાગ્રસ્ત હાલતમાં વરસાદી પાણીમાં જવાથી ચેપ લાગ્યો હોવાની સંભાવના છે. દક્ષિણ ગુજરાતમાં આ વર્ષે લેપ્ટોસ્પાયરોસીસના કારણે આ પ્રથમ મોત છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ વર્ષે અત્યાર સુધીમાં દક્ષિણ ગુજરાતમાં 5 કેસ નોંધાયા છે.

અનુસંધાન ... પાના પહેલાનું

આજે દેશ મનાવશે...

તપાસ કરવામાં આવશે ", તેમ વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. બસ્તર રેન્જના પોલીસ મહાનિરીક્ષક સુંદરરાજ પી. ના જણાવ્યા અનુસાર, સુરક્ષા દળોની હાજરીને કારણે છત્તીસગઢના માઓવાદી પ્રભાવિત બસ્તર ક્ષેત્રના તેર દૂરના ગામોમાં ગુરુવારે પ્રથમ વખત રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવશે. ગયા વર્ષે પ્રજાસત્તાક દિવસ પછી આ ગામોમાં સુરક્ષા શિબિરોની સ્થાપના કરવામાં આવી હતી. આ શિબિરોએ આ પ્રદેશ અને તેની મૂળ વસ્તીને એક નવી અને જીવંત ઓળખ પ્રદાન કરી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.